

**ડો. સ્મિતા નાગપાલ, સ્કિન સ્પેશિયાલિસ્ટ, કાયા સ્કિન ક્લિનિક, સેટેલાઇટ**

લેડી ડોક્ટરને સ્વતંત્ર હોસ્પિટલ કે ક્લિનિક ખોલવા માટે શરૂઆતમાં ખૂબ જ સંઘર્ષ કરવો પડે છે. મારા પતિ પણ ગાયનેક હોવાથી અમે સાથે મળીને હોસ્પિટલ શરૂ કરી છે. જોકે અમે અમારી કમાણી પર જ હોસ્પિટલ શરૂ કરવાનું સાહસ કર્યું છે. ગાયનેકને દર્દી મેળવવા માટે ખાસ સંઘર્ષ કરવો પડતો નથી, પરંતુ હોસ્પિટલ સાધનસામગ્રીથી સજ્જ બનાવવા માટે આર્થિક રીતે મજબૂત બનવું પડે. આ માટે કોઈ પણ વ્યક્તિને ઝઝૂમવું પડે છે. અમે અમારી હોસ્પિટલ માટે લોન લીધી નહોતી. જેમ જેમ અમારી કમાણી થતી ગઈ તેમ તેમ નવાં નવાં સાધનો અમે વસાવ્યાં. શરૂઆત જરૂરિયાત પૂરતી જ વસ્તુઓથી કરી હતી. આગળ આવવા માટે સ્ત્રીઓએ ધીરજ અને આત્મવિશ્વાસ સાથે હંમેશાં પ્રયત્ન કરવો જોઇએ. સ્ત્રીએ સંઘર્ષ કરીને પણ પોતાની આગવી ઓળખ ઊભી કરવી જ જોઇએ.